# Official Spokesperson's response to media queries on the Indian Consulate in Kandahar

July 11, 2021

# કંદહાર ખાતે ભારતીય કોન્સ્યુલેટ અંગે મીડિયાના પ્રશ્નોનો સત્તાવાર પ્રતિભાવ

જુલાઈ 11, 2021

**કંદહાર ખાતે ભારતીય કોન્સ્યુલેટને લગતા મીડિયાના પ્રશ્નોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યુંઃ**

"અફઘાનિસ્તાનમાં આકાર લઈ રહેલી સુરક્ષાની સ્થિતિ પર ભારત બારીક નજર રાખી રહ્યું છે. આપણા લોકોની સુરક્ષા અને સલામતી સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. કંદહાર ખાતે ભારતીય કોન્સ્યુલેટ જનરલ બંધ કરવામાં નથી આવ્યું. જોકે, કંદહાર શહેર નજીક ભારે લડાઈ ચાલતી હોવાથી મૂળ ભારતના લોકોને હાલ પૂરતા બોલાવી લેવામાં આવ્યા છે. હું જણાવવા માંગુ છું કે આ પરિસ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધીની સંપૂર્ણપણે કામચલાઉ કવાયત છે. અમારા સ્થાનિક સ્ટાફના સભ્યો દ્વારા કોન્સ્યુલેટની કામગીરી ચાલુ છે.

કાબૂલ ખાતે અમારા દૂતાવાસ દ્વારા વિઝા અને કોન્સ્યુલર સેવાઓ ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

અફઘાનિસ્તાનના મહત્ત્વપૂર્ણ ભાગીદાર હોવાના નાતે ભારત શાંત, સાર્વભૌમ અને લોકતાંત્રિક અફઘાનિસ્તાન માટે પ્રતિબદ્ધ છે."

**નવી દિલ્હી**
**જુલાઈ 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.